# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કાતિલ ઠંડીથી ધંધા-રોજગારને ફટકો

બાયડ તા.૧૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કાતિલ ઠંડીની વિપરીત અસરો માનવ સ્વાસ્થ્ય ઉપર જોવા મળ્યા પછી ધંધા-રોજગાર ક્ષેત્રે પણ ઠંડી અસરકર્તા બની રહી છે. જિલ્લામાં ઠંડીના હાઉથી તાલુકા મથકોએ ખરીદી અર્થે આવતા ગ્રાહકોની સંખ્યામાં ઓટ આવતાં ધંધા-રોજગારોને ફટકો પડ્યો છે.

જિલ્લામાં છેલ્લા ૪ દિવસથી વાતાવરણ ઠંડુગાર બની જતાં સર્વત્ર કાતિલ ઠંડીનો કહેર જોવા મળ્યો હતો. જ્યારે ઠંડીએ ભૂતકાળના તમામ રેકોર્ડ તોડી નાખતાં ઠંડીની તિવ્રતાથી જનજીવન સાવ ઠૂઠવાઈ ગયું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી હતી. જિલ્લામાં શિયાળો જાન્યુઆરી માસમાં વધુ ઉગ્ર બન્યો હોય તેમ ઠંડીનો કહેર વરસતાં સૌ કોઈ ઠંડીના આકરા તેવરથી ફફડી ઉઠ્યા હતા અને વધુ પડતી ઠંડીના કારણે માનવ મૃત્યુના બનાવો પણ સામે આવ્યા પછી ધંધા-રોજગાર માટે પણ કાતિલ ઠંડી નુક્સાનરૂપ સાબિત થઈ રહી છે. જિલ્લાના બાયડ, મોડાસા, હિંમતનગર, માલપુર, મેઘરજ, પ્રાંતિજ, તલોદ સહિતના તાલુકા મથકોએ ગ્રામ્ય વિસ્તારોની હજારો પ્રજા રોજ ખરીદી અર્થે તાલુકા મથકોએ આવતી હોવાથી બજારો ધમધમતાં જોવા મળતા હતા પરંતુ છેલ્લા ૩ દિવસથી ઠંડીની તિવ્રતામાં જોરદાર વધારો નોંધાતાં ખરીદી અર્થે આવતા ગ્રાહકોમાં ઓટ આવી ગઈ છે. જિલ્લામાં ગરમ વસ્ત્રો પહેરવા છતાં ઠંડી વસ્ત્રોને ચીરીને જાણે શરીરને ઠૂઠવી નાખતી હોય તેવી ઠંડી અનુભવાતાં મોટા ભાગના લોકો દિવસભર ઘરમાં પુરાઈ રહેવાનું સલામત માનતા હોવાથી હવે ઠંડી ધંધા-રોજગારો માટે પણ અસરકારક સાબિત થતી જોવા મળી રહી છે. જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી ઠંડીનો પારો ક્રમશઃ ઘટવાની સાથે છેલ્લા ત્રણ દિવસથી ઠંડી કાતિલાના બની જતાં તેની સીધી અસર ધંધા-રોજગારો ઉપર જોવા મળી રહી છે. જિલ્લામાં માત્ર ઉત્તરાયણના પર્વને લઈને પતંગ બજારમાં ઘરાકી જોવા મળી રહી છે પરંતુ અન્ય ધંધા-રોજગાર ઓછી ઘરાકીના કારણે નિરસ જણાઈ રહ્યા છે.

# ઉત્તર ગુજરાતની પ્રજા આજે ત્રણ કરોડના ઉંધીયા-જલેબીની જ્યાફત ઉડશે

બાયડ તા.૧૩

ઉત્તર ગુજરાતમાં આજે કાયપ્યો છે ના નારા સાથે ઉત્તરાયણ પર્વની ઉજવણી થશે. સવારથી જ આકાશી યુદ્ધના કારણે માહોલ રંગારંગ બનશે ત્યારે ઉત્તર ગુજરાતની સવા કરોડ પ્રજા ઉત્તરાયણ નિમિત્તે સ્વાદ શોખીન પ્રજા ધાબા-અગાસીઓ પર બેસી રૂા.૩ કરોડના ઉંધીયા જલેબીની જ્યાફત ઉડાડશે આ વર્ષે શાકભાજી સસ્તાં થયાં હોવા છતાં ઉંધીયાના ભાવ ઉંચા રહ્યા છે. તહેવારોની ઉજવણીમાં પ્રજા મોંઘવારીને કોરાણે મૂકી દેતી હોવાથી લાખો રૂપિયાનું ઉંધીયું તથા જલેબી પ્રજા હસતાં હસતાં જ પેટમાંપધરાવી દેશે તેવું જણાઈ રહ્યું છે.

સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લામાં તહેવારની ઉજવણી હોય એટલે કોઈને કોઈ નાસ્તા-ફરસાણ વગર ઉજવણી ફીક્કી બની રહેતી હોય છે. દશેરાના પર્વ સમયે ફાફડા-જલેબી પ્રજા ટેસબંધ રીતે



આરોગી જતી હોય છે અને ઉત્તરાયણ હોય ત્યારે તલસોંકળી ઉપરાંત ઉંધીયું તથા જલેબી અવશ્ય ખરીદાતી હોય છે. ઉત્તર ગુજરાતમાં આજે પતંગ પર્વ ઉત્તરાયણની ઉજવણી થવાની છે ત્યારે એક અંદાજ મુજબ ૫ જિલ્લાની સ્વાદ શોખીન પ્રજા પતંગ ઉડાડવાની મજા સાથે પેટ ધરાઈ જાય તેટલું ઉંધીયું જલેબી આરોગવાની હોઈ અંદાજીત રૂા.૩ કરોડના ઉંધીયા જલેબીની જ્યાફત ઉડવાની છે. ઉત્તર ગુજરાતમાં આ વર્ષે લીલા શાકભાજીની ભરપૂર આવક થતાં ઉંધીયું સસ્તુ થશે તેવું ઉત્તરાયણ પર્વ અગાઉ માનવામાં આવતું હતું પરંતુ ઉંધીયાનો ભાવ રૂા.૨૫૦ સુધી કીલોએ પહોંચી ગયો છે તથા શુદ્ધ ઘી ની જલેબી પણ મોંઘી હોય તે રીતે કીલોના ભાવ રૂા.૪૦૦ આસપાસ જોવા મળી રહ્યો છે પરંતુ તહેવારના ઉત્સાહમાં ભાવ વધારો કોઈનેય નડતો ન હોવાથી આજ સવારથી જ ઉંધીયું અને જલેબી ખરીદવા માટે સ્વાદ રસીકોની કતારો લાગશે તે નક્કી છે. જિલ્લામાં કોઈપણ તહેવારની ઉજવણી નાસ્તા ફરસાણ વગર અધૂરી ગણાતી હોય છે. જ્યારે આજની ઉત્તરાયણ નિમિત્તે પ્રજા ટેસબંધ રીતે ઉંધીયા-જલેબીની જ્યાફત માણનાર હોવાનું જાણવા મળેલ છે.

# આકરૂન્દ ગ્રામ પંચાયતના નિવૃત્ત કર્મચારી બબુભાઈ સોલંકીનું નિધન

ધનસુરા તાલુકાની આકરૂન્દ ગ્રામપંચાયતમાં યશસ્વી સેવા આપી દોઢ દાયકાથી નિવૃત્તિમય જીવન



ગાળતાં બબુભાઈ મોહનભાઈ સોલંકીનું નિધન થતાં આકરૂન્દ પંથકની પ્રજામાં શોક છવાયો હતો. તેઓએ ગમે તેવી કપરી સ્થિતિમાં ગમે તેટલો મોટો વ્યક્તિ હોય તો પણ ફરજ દરમ્યાન વ્યક્તિ નહિ પરંતુ ખુરશીને વફાદાર રહ્યા હતા.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચીમની વગર પ્રદૂષણ ફેલાવતા ઈંટવાડા

## પગલાં ભરવામાં તંત્ર નિષ્ફળ : ચીમની વગર ધમધમતા ઈંટવાડાથી પ્રદૂષણ વધ્યું..!!

બાયડ તા.૧૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પ્રદૂષણની માત્રામાં વધારો થઈ રહ્યો છે ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ચીમની વગર પ્રદૂષણ ફેલાવતા ઈંટવાડા રાત-દિવસ ધમધમવા લાગ્યા છે. જિલ્લામાં જવાબદાર તંત્રને માત્ર મલાઈ તારવવામાં જ રસ હોય તેમ ચીમની વગરના ઈંટવાડાઓ સામે પગલાં ભરવામાં તંત્ર સરેઆમ નિષ્ફળ નિવળ્યું છે. જિલ્લામાં થોડાક સમય અગાઉ ઈંટવાડાઓમાં દેખાડા ખાતર તપાસ હાથ ધરાઈ હતી પરંતુ કુલળીમાં ગોળ ભગાઈ ગયો હોય તેમ ચીમની વગરના ઈંટવાડા હજુ પણ ધમધમી રહ્યા છે.

જિલ્લામાં કાયદેસરના ઈંટવાડા કરતાં છેલ્લા ઘણા સમયથી ગેરકાયદેસર રીતે ખેતરોમાં તૈયાર થયેલા ઈંટવાડાની સંખ્યા વધી ગઈ છે. બાંધકામ ક્ષેત્રે ઈંટોની મોટી માંગ રહેતી હોવાથી પરપ્રાંતમાંથી આવેલ અનેક લોકોએ જિલ્લામાં ઈંટવાડા શરૂ કરી દીધા છે જેમાં મોટા ભાગે ચીમની વગર ઈંટવાડાઓમાં ઈંટો પકવવાની કામગીરી થતી હોવાથી પ્રદૂષણ વધી રહ્યું છે. ચીમની વગર રાત-દિવસ ધમધમતા ઈંટવાડાથી હવે પર્યાવરણ સામે મોટું સંકટ ઉભું થયું છે છતાં સરકારી તંત્ર ગેરકાયદેસર રીતે ચાલતા ઈંટવાડાઓ સામે પગલાં ભરવામાં સરેઆમ નિષ્ફળ ગયું છે. અગાઉ જિલ્લામાં ઈંટવાડાઓમાં તપાસના નામે નાટક ચલાવાયું હોય તેમ ચીમની વગરના ઈંટવાડાઓની સંખ્યા વધતી જાય છે. જિલ્લામાં અંતરીયાળ વિસ્તારોમાં પરપ્રાંતિય લોકોએ ઈંટવાડા શરૂ કર્યા છે જ્યાં ચીમની પણ જોવા મળતી નથી અને ખુદ સરકારી તંત્ર જ ઈંટવાડા શોધી પણ ન શકે તેવાં સ્થળ પસંદ કરાયાં છે. જિલ્લામાં પ્રદૂષણ આંકતા ગેરકાયદેસરના ઈંટવાડાઓ સામે પગલાં નહીં ભરાય તો પર્યાવરણ જોખમાવાની સ્થિતિ ઉભી થાય તેમ છે ત્યારે જિલ્લાનું જવાબદાર તંત્ર કાયદેસરના ઈંટવાડાઓ સામે કડકાઈ દાખવવાને બદલે ગ્રામ્ય વિસ્તારોમાં વગર ચીમનીએ ધમધમતા ઈંટવાડાઓ સામે પગલાં ભરે તે જરૂરી છે.



# સેનાનો જવાન શહીદ થાય તે રીતે આખું ગામ હિબકે ચઢ્યું

## બાયડ તાલુકાની પાતેરાના નિવૃત્ત શિક્ષકની ચિરવિદાય, શાળાનો સ્ટાફ ભાવુક બન્યો

આજે કોઈને કોઈ પ્રકરણમાં શિક્ષક આલમ બદનામ થઈ રહ્યો છે ત્યારે સાચો શિક્ષક કોણ..?? તે શોધવા માટે ભૂતકાળ ચકાસવો પડે. બાયડ તાલુકાના પાતેરાના નિવૃત્ત શિક્ષક મગનસિંહ આર. સોલંકીની એકાએક ચિરવિદાય થતાં આખું ગામ હિબકે ચડ્યું. જાણે કે સેનાનો જવાન શહીદ થાય અને જે રીતે દેશ પ્રેમી લોકો હિબકાં લે છે તેવાં દ્રશ્યો જોવા મળ્યાં. કોણ કોને સાંત્વના આપે..?? તેવી સ્થિતિ ઉભી થઈ



હતી. પાતેરા પ્રા.શાળાના મુખ્ય શિક્ષક કનુભાઈ પરમાર સહિતનો સ્ટાફ પણ ભાવુક બની અશ્રુઓની અવિરત ધારાને રોકી શક્યો નથી.

પ્રાપ્ત જાણકારી અનુસાર પાતેરાના પ્રા.શિક્ષક મગનસિંહ આર. સોલંકીએ પોતાની ફરજ દરમ્યાન સત્યનિષ્ઠા અને કર્તવ્યને ક્યારે પણ ઉણી આંચ આવવા દીધી નથી. સાચા અર્થમાં એક મુઠ્ઠી ઉંચેરા માનવ તરીકે તેઓનું સ્થાન શિક્ષકો અને તેમના શિષ્યોમાં હતું. શાળાના મુખ્ય શિક્ષક કનુભાઈ પરમાર જણાવી રહ્યા છે કે તા.૧૪ ફેબ્રુઆરી-૨૦૦૫ થી તેઓ પાતેરા પ્રા.શાળામાં શિક્ષક તરીકે જોડાયા ત્યારથી આજદિન સુધી સારા કે નરસા પ્રસંગમાં સમગ્ર શાળા પરિવારની હાજરી અવિરત રહી છે. આ વિસ્તારના બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવે તેવા સ્વપ્ન સાથે શિક્ષક મગનસિંહ સોલંકીએ એક શિલા ઉભી કરી હતી અને તેને આગળ ધપાવવાનો શાળા પરિવાર પ્રયાસ કરતો રહ્યો. શાળામાં દરેક પ્રસંગોમાં તેમની અચૂક હાજરીથી નવી પેઢીના શિક્ષકો ઉર્જાવાન થતા. પરંતુ તા.૫ જાન્યુઆરીએ સૌના પથદર્શક બનેલા નિવૃત્ત શિક્ષક મગનસિંહ સોલંકીની ચિરવિદાયથી આખું ગામ હિબકે ચઢ્યું. એક નિવૃત્ત શિક્ષકના અંતિમ દર્શન માટે ઉમટેલી મેદની એ વાતનો શિકાર હતી કે ભલે શિક્ષકે રૂપિયા કે ધનદોલત ભેગી ન કરી હોય પરંતુ નામના ગગનને ચુંબે તે રીતે મેળવી મોતને પણ મહાન બનાવી ગયા છે.

# બાયડમાં ગાયત્રી પરીવાર દ્વારા સ્વામી વિવેકાનંદ જ્યંતિ અને રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી

તા.૧૨ જાન્યુઆરી સ્વામી વિવેકાનંદ જ્યંતિ તેમજ રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે ગાયત્રી શક્તિપીઠ-બાયડ દ્વારા પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં મૂકવામાંઆવેલ સ્વામી વિવેકાનંદની પ્રતિમાની પૂજા તેમજ સોસાયટી વિસ્તારોમાં વૃક્ષારોપણ અને જાહેર સ્થળોએ વ્યસન મુક્તિ પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાયત્રી પરીવાર દ્વારા દર વર્ષે વ્યસનમુક્તિ, સમાજ સુધારણા, સમાજમાં વ્યાપેલા કુરિવાજો દૂર કરવા, બાળલગ્નો અટકાવવા, ભ્રૂણ પરીક્ષણ સામે પણ લડત સહિતના અનેક કાર્યક્રમોનું આયોજન થતું હોય છે. જ્યારે દેશની મહાન વિભૂતિઓની જન્મજયંતિના પ્રસંગોની પણ ઉજવણી કરવામાં આવે છે. ગત રોજ સ્વામી વિવેકાનંદ જ્યંતિની ઉજવણી સાથે યુવાનોને વિકસીત ભારત, સમુદ્ધ ભારત માટે અમૂલ્ય યોગદાન આપવા હાકલ કરવામાં આવી હતી. બાયડ આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓ પાસે વ્યસન મુક્તિના શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ સ્વામીનારાયણ સોસાયટીના કોમનપ્લોટમાં ગાયત્રી પરીવાર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું ત્યારે પ્રમુખ ભરતભાઈ બી. પટેલ, ડૉ. અલ્પેશભાઈ પટેલ, પાયલબેન પટેલ, મયુરભાઈ પટેલ, હર્ષદભાઈ સોની, નિમેષભાઈ શાહ, કમલેશભાઈ પટેલ સહિતના સોસાયટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. બાયડ શહેર ભાજપ મહિલા મોરચા સંગઠન પ્રમુખ જિજ્ઞાશાબેન કૌશિકભાઈ પંચાલએ વૃક્ષોના જતન માટે સંકલ્પ લેવડાવ્યા હતા.



# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ગગનમાં આજે આકાશી યુદ્ધ : કાયપ્યો છે ના નારા સાથે પતંગ પર્વની થનારી ઉજવણી

## ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ પતંગ-દોરાની ખરીદી માટે બજારમાં ભારે ભીડ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ઉત્સવપ્રિય પ્રજા ભારે તાજગી ભર્યા વાતાવરણ વચ્ચે આજે તા.૧૪ના રોજ જિલ્લાના ગગનમાં પતંગના પેચ લડાવી સવારથી જ આકાશી યુદ્ધનો ટંકાર કરશે. જિલ્લાભરના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કાયપ્યો છે ના નારા સાથે વહેલી પરોઢથી રાત્રિ વટાવી જશે તેવું દેખાઈ રહ્યું છે. જિલ્લામાં આજ સવારથી પતંગ રસિયાઓ સંગીતના તાલે પોતાના ધાબા-અગાસીઓ ઉપરથી પેચ લડાવી એકબીજાના પતંગ કાપી દિવસ દરમ્યાન રોમાંચ અનુભવશે. જિલ્લામાં પતંગ રસિયાઓ આખો દિવસ ધાબા ઉપર રહેનારા હોઈ પરિવારની મહિલાઓએ પણ ચીકી, બોર, તલપાપડી સહિત અન્ય નાસ્તાઓ ઉત્તરાયણની



સુધી પતંગ પર્વની ઉજવણી થશે જ્યારે રાત્રે ફટાકડાની આતશબાજી સાથે પતંગ રસિયાઓ ઉત્તરાયણ પર્વને વિદાય આપશે. જિલ્લામાં ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ જિલ્લાના બજારોમાં પતંગ-દોરાની ખરીદી માટે ભારે ભીડ જામી હતી. તો કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં પતંગો ખૂટી પડ્યાની વિગતો પણ જાણવા મળેલ છે.

પતંગ પર્વને પ્રજા આકાશી યુદ્ધ તરીકે પણ મૂલવવા લાગી છે. જિલ્લાનું આકાશ છેલ્લા એક સપ્તાહથી રંગબેરંગી પતંગોની ઉડાનથી સુભોષિત બની રહ્યું છે. ગુજરાત સરકારે ઉત્તરાયણ પર્વને રાજ્યનો વાયબ્રન્ટ પતંગ મહોત્સવ જાહેર કર્યો છે ત્યારથી પતંગ ઉદ્યોગને પણ ભારે પ્રોત્સાહન મળી રહ્યું છે. સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે ગત વર્ષ કરતાં પણ પતંગ પર્વનું આ વખતે આકર્ષણ અનેક ગણું વધ્યું હોવાનું પતંગ-દોરા બજારની ઘરાકી ઉપરથી સ્પષ્ટ જણાઈ આવ્યું છે. જિલ્લામાં સસ્તાથી માંડી ભારે દોરીનું જે રીતે ધુમ વેચાણ થયું છે અને ઉત્તરાયણની પૂર્વ સંધ્યા સુધી મોટા વેપારીઓએ અમદાવાદ-સુરતથી દોરીઓનો જે રીતે મોટો જથ્થો મંગાવ્યે રાખ્યો છે તેના ઉપરથી જ જિલ્લામાં પતંગ-દોરાનો ધંધો રૂા.૨ કરોડના ધંધાની સપાટી પણ પૂર્વ સંધ્યાએ જ તૈયાર રી દીધા હતા. જ્યારે અનેક ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં સ્વજનો અને મિત્રો પણ શહેરી વિસ્તારમાં આવી પોતાના સ્નેહીઓના ત્યાં ઉત્તરાયણ પર્વની આજે ઉજવણી કરશે. ટૂંકમાં આજે દિવસ દરમ્યાન જિલ્લાનું એકપણ ગામડું એવું નહીં હોય કે ત્યાં ઉત્તરાયણ પર્વનો આનંદ જોવા મળતો ન હોય. જિલ્લામાં સવારથી સાંજ સુધી એ..કાયપ્યો છે ના નારા સતત ગુંજતા રહેશે. કેટલાક સોસાયટીના રહીશો તો દિવસ દરમ્યાન પતંગ પર્વની ઉજવણી કર્યા પછી રાત્રે સમૂહ ભોજનની અનોખી વ્યવસ્થા કરી હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે પતંગની દોરીથી ઘાયલ થનારા પશુ-પક્ષીઓ માટે પણ અનેક જીવદયા પ્રેમીઓએ મેડીકલ સારવાર માટે એમ્બ્યુલન્સ સહિતની સુવિધા ઉભી કરી છે. જ્યારે પતંગ ચગાવનારાઓની સાથે પતંગ લૂંટનારાઓની પણ અનેરી દુનિયા હોઈ આજે પતંગ લૂંટારા પણ લાંબી..લાંબી દોટ લગાવતા ઠેકઠેકાણે જોવા મળશે. સાબરકાંઠા જિલ્લાના સૌ પ્રજાજનોને ગાંધીનગર સમાચાર પરિવાર ઉત્તરાયણની હાર્દિક શુભકામના પાઠવે છે. જ્યારે કોરોનાનું સંક્રમણ વધુ હોવાથી ધાબા-આગશી ઉપર સીમિત લોકોની હાજરી માટે અપીલ પણ કરે છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉત્તરાયણ નિમિત્તે પશુઓને ધાન ન ખવડાવવા અપીલ

## પુણ્ય કમાવવા જતાં અજાણતાં પાપ ન થાય તે જોવું જરૂરી

બાયડ તા.૧૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉત્તરાયણનો ગજબનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ દિવસે દાન-પુણ્યનું વિશેષ મહત્વ હોવાથી અબોલ પશુઓને ધાન ખવડાવવાની પરંપરા વર્ષોથી જળવાયેલી છે ત્યારે ઘાસ આરોગતા પશુઓની પાચન પ્રક્રિયા ભિન્ન પ્રકારની હોવાથી પશુઓ ધાન આરોગ્ય પછી આફરા સહિત પોઈઝનિંગનો ભોગ બનતાં હોવાથી જીવદયા પ્રેમીઓએ પશુઓને ધાન ન ખવડાવવા અપીલ કરી છે.

ઉત્તરાયણના પર્વનો શાસ્ત્રોમાં ખાસ મહત્વ છે જેથી આ દિવસે ગરીબોને દાન તથા પશુઓને મોટા પ્રમાણમાં ઘાસચારો નાખી પુણ્ય કમાવવાના પ્રયાસો થતા હોય છે. ઉત્તરાયણના દિવસે જિલ્લાના તમામ વિસ્તારોમાં પશુઓને ઘાસચારો ખવડાવવાની તૈયારીઓ પણ હાથ ધરાઈ છે. જેમાં અબોલ પશુઓને બાજરી, જુવાર વિગેરે ધાન પલાળીને કે રાંધીને ખવડાવાતું હોય છે પરંતુ અપ્રમાણસર ધાન ખાવાથી પશુઓ એસીડોસીસ, પોઈઝનિંગ અને આફરા જેવી જીવલેણ બિમારીમાં સપડાઈ જતાં હોય છે અને સમયસર સારવાર ન મળે તો પશુનું મોત નિપજતું હોવાથી પુણ્ય કમાવવા જતાં અજાણતાં જ પાપ ન થઈ જાય તે જોવું સૌની જવાબદારી બને છે જેથી ઉત્તરાયણના દિવસે આ પ્રકારની પરંપરા પ્રમાણે પશુઓને ધાન ન ખવડાવવા તથા વધુ પ્રમાણમાં એકલો લીલો ઘાસચારો ન ખવડાવતાં સૂકું ઘાસ મિશ્રણ કરીને ખવડાવવા માટે જીવદયા પ્રેમીઓ દ્વારા પ્રજાજનોને અપીલ કરવામાં આવી છે. ઉત્તરાયણના દિવસે પુણ્યનું ભાથુ બાંધવા માટે પ્રજાજનો કંઈપણ વિચાર્યા વિના ધાન અથવા લીલો ઘાસચારો પશુઓને ખવડાવતા હોય છે પરંતુ મોટા ભાગે પશુઓ આફરાનો ભોગ બની જતા હોવાથી તકેદારી રાખવી જરૂરી બની છે.

# વાત્રક નદી બચાવો, ડમ્પીંગ સાઈટ ભગાવો ના નારા સાથે કેમીકલ ફેક્ટરીને અટકાવવા અભિયાન શરૂ

## ઈરાદા શુદ્ધ હોય તો આવકારદાયક, સેમલીયાની જેમ પાછલા બારણે કઈ રંધાશે તો નહીને ?

બાયડ તા.૧૩

બાયડ તાલુકાના અલવા ગામના સીમાડામાં પ્રાઈવેટ કંપની લીમીટેડ કંપની ડમ્પીંગ સાઈટ બનાવી રહી છે તેનો છેલ્લા દોઢ વર્ષથી વિરોધ થતો આવ્યો છે. ફરી એકવાર આ મુદ્દે લોક આંદોલન વેગ પકડે તેવી સંભાવના છે. વાત્રક નદી બચાવો, ડમ્પીંગ સાઈટ ભગાવો ના નારા સાથે પત્રિકા યુદ્ધ શરૂ થયું છે. કેમીકલ ડમ્પીંગ સાઈટના કારણે જમીનોની ફળદ્રુપતાને નુકસાન થાય તેવી પૂરેપૂરી સંભાવના છે જેથી ખેડૂતોનો અને સ્થાનિકોનો વિરોધ વ્યાજબી છે પરંતુ સેમલીયામાં વિરોધ કરવા પહોંચેલા લોકો આ વિસ્તારમાં પણ એકાએક પોતાના નામે પત્રિકાઓ ફરતી કરતાં ઈરાદા શુદ્ધ હોય તો આવકારદાયક નહિતર સેમલીયાની જેમ પાછલા બારણે કઈ રંધાશે તો નહિને ? તેવી આશંકા પ્રબળ બની રહી છે.

બાયડ-ધનસુરા હાઈવે પર અલવા ગામના સીમાડામાં કેમીકલ ડમ્પીંગ સાઈટ સામે વિરોધનો સુર પ્રગટ થયો છે. અલવાગ્રુપ ગ્રામપંચાયત તે આ મુદ્દે અગાઉ લેખિતમાં વિરોધ કરવાની સાથે પ્રાંત અને જિલ્લા કલેકટરને પણ આવેદનપત્ર આપ્યા છે. આ વિસ્તારના ખેડૂતોનો વિરોધ વ્યાજબી છે કારણે કે જો કેમીકલ ડમ્પીંગ સાઈટ શરૂ થશે તો ઝેરી કેમીકલ જમીનમાં ઉતારવામાં આવશે જેના કારણે પાણી દૂષિત થવાની સાથે જમીનની ફળદ્રુપતાને અગણિત નુકસાન થાય તેવી પૂરેપૂરી સંભાવના છે. આ મુદ્દે જિલ્લા તંત્રને મળેલી વાંધા અરજી પછી અહેવાલ ગુજરાત રાજ્ય પ્રદુષણ નિયંત્રણ બોર્ડને મોકલવામાં આવ્યો હતો. સંભવિત કેમીકલ ડમ્પીંગ સાઈટ સામે બાયડ અને ધનસુરા તાલુકાના ૧૪ થી વધુ ગામોના લોકોને વિરોધ છે. આગામી તા.૨૮ જાન્યુઆરીએ આ મુદ્દે લોક સુનાવણી રાખવામાં આવી છે. લોક સુનાવણી દરમ્યાન પ્રજાનો રોષ ચરમસીમાએ પહોંચે તેવી પણ પૂરેપૂરી દહેશત છે. આ સંજોગોમાં એક તરફ સરકાર પ્રાકૃતિક ખેતી ઉપર ભાર મુકવા ખેડૂતોને ખાસ સમજણ આપી રહી છે અને બીજી તરફ જ્યાંથી વધુ પાક ઉત્પાદન થયા છે તેવા વિસ્તારોમાં કેમીકલ ડમ્પીંગ સાઈટ માટે કૂણી લાગણીઓ દર્શાવવામાં આવે છે. તે બાબત અયોગ્ય છે. આ સંજોગોમાં જ્યાં પણ વધુ ખેત ઉત્પાદન થતું હોય ત્યાં કોઈપણ સંજોગોમાં કેમીકલ ડમ્પીંગ સાઈટને મંજુરી આપવી ન જોઈએ તેવો લોકમત પ્રવર્તી રહ્યો છે.